શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

તમસો માં જ્યોતિર્ગમય

# પંચોલી નવયુગ



જાન્યુઆરી-ફેબ્રુઆરી - ૨૦૨૪
વર્ષ ૫૭ સળંગ અંક નં. ૫૦૧
માસિક કિંમત-રૂા. ૧૦/-
વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/-
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Pancholi Navyug Email : Pancholinavyug@gmail.com
Email : infospssmm@gmai.com
Web Site : www.pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક

## ૨૬મી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. વિઠ્ઠલદાસ સોમાભાઈ પંચોલી
રાજપીપલા
જન્મ : ૧૭.૪.૧૯૧૮ સ્વર્ગવાસ : ૪.૧.૧૯૯૮
ચૈત્ર સુદ ૭, ગુરૂવાર પોષ સુદ સાતમ, રવિવાર

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના,
પ્રેમ, દીર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃતિ આપના સમગ્ર જીવનમાં
કામ પ્રત્યેની કર્તવ્યનિષ્ઠા, તનતોડ મહેનત કરવાના
આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી,
આપ લીલી સંસારવાડી મુકી દત્તશરણ થયા......
પરમાત્મા આપના દર્શાવેલ પરમપથ પર પદાર્પણ કરવા
અમો સહુને શકિત અર્પે

### અર્પણકર્તા

સ્વ. જેકોરબેન વિઠ્ઠલદાસ પંચોલી

| | |
|---|---|
| પનસભાઈ વિ. પંચોલી | સ્વ. રમીલાબેન પી. પંચોલી |
| ઠાકોરભાઈ વિ. પંચોલી | જયોતિષબેન ટી. પંચોલી |
| ચેતનભાઈ વિ. પંચોલી | જયોતિબેન સી. પંચોલી |
| ભુપેન્દ્રભાઈ વિ. પંચોલી | જયશ્રીબેન બી. પંચોલી |
| પ્રવિણભાઈ વિ. પંચોલી | મમતાબેન પી. પંચોલી |
| પુષ્પકાંત વિ. પંચોલી | ભાવનાબેન પી. પંચોલી |
| સ્વ. પરસોત્તમદાસ જે. પંચોલી | સ્વ. સુશીલાબેન પી. પંચોલી |
| રાજેશભાઈ ગોરધનભાઈ પંચોલી | હંસાબેન રાજેશભાઈ પંચોલી |
| પ્રવિણચંદ્ર છોટુભાઈ દેસાઈ | ભદ્રાબેન પ્રવિણચંદ્ર દેસાઈ |

તથા સમસ્ત પરિવાર

2010-2030

## આપ બન્નેને અમારી સૌની વંદના



સ્વ. મણીલાલ ભૂલાભાઈ પંચોલી
જ.તા. ૧.૧.૧૦૨૮
સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨(૮૪ વર્ષ)

સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી
જ.તા. ૧.૧.૧૦૩૪
સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧ (૭૭ વર્ષ)

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સૅન્ટર સામૅ,
પ્લૉટ ૬-ડી, દત્તાત્રેય રૉડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૫૪ AS.
ફૉન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ મૉબાઈલ : ૦૯૩૨૨૨ ૬૩૫૨૮

## નવયુગ શુભેચ્છક

સ્નેહભીની કરુણામયી માતા ચરણે શરણ દીજે,
બીલખ રહે હમ શિશુ સુત તેરે દયા દ્રષ્ટિ કીજે,
જય માતાદી.... જય માતાદી.....
જય માતા કી જય હો....

નવલું વર્ષ તંદુરસ્તમય, તાજગીમય અને
આનંદમય બની રહો એજ પ્રાર્થના
સર્વે જ્ઞાતિજનોને
અમારા

**વર્ષ ૨૦૨૪ના સાલમુબારક**

કિરણ મણીલાલ પંચૌલી
અ.સૌ. પ્રીતિ કિરણ પંચૌલી
કૌશલરાજ કિરણ પંચૌલી
અ.સૌ. રીમા કૌશલરાજ ગજ્જર
ચિ. ધ્યાના-ચિ. ક્રિશિવ કૌશલરાજ પંચૌલી
અક્ષર જયેશભાઈ ગાંધી
અ.સૌ. હેતલ અક્ષર ગાંધી
ચિ. હિયાંશ અક્ષર ગાંધી

2010-2030

## નવયુગ શુભેચ્છક
## ૧૫મી પૂણ્યતીથીએ ભાવભરી શ્રદ્ધાંજલી




અક્ષરવાસી
**ગં.સ્વ. શાંતાબેન ભીખાભાઈ પંચોલી**
જન્મ તા. ૬.૮.૧૯૨૮   અ.વા.તા. ૨૧.૧.૨૦૦૯

ખરેખર 'મા' આજે પણ તમારા વ્હાલના
દરિયા સમી આઠેય દિકરીઓ તમારી
સતત હૂંફ ઝંખે છે. ફોન કરતાં જ 'દિકરા'
અને 'બેટા' જેવા શબ્દો સાંભળવા
અમારા કાન તલસી રહ્યા છે.
પ્રેમાળ અને સદા હસતો ચહેરો
આજે પણ આંખની સમક્ષ તરતો રહે છે,
સાથે એ હૃદયમાં હજી પણ એવો ને એવો અકબંધ છે.
તમારા પ્રેમાળ અને સ્નેહભર્યા સ્પર્શને ઝંખતી
તમારી વ્હાલના દરિયા સમી દિકરીઓ

પદમા, ધર્મિષ્ઠ(જયોતિ), માયા, પ્રવિણા,
હેમા, ગીતા, સોનલ, અલોકી
તથા પરિવારજનો....

2010-2030

## નવયુગ શુભેચ્છક



સ્વ. કૃષ્ણકાંત ઉત્તમરામ મારફતીઆ
જન્મ : ૨૦.૯.૧૯૫૪   સ્વર્ગવાસ : ૧૩.૧.૨૦૧૦

## ૧૪મી પૂણ્યતિથિએ.....હૃદયાંજલિ

'આપના સમૃદ્ધ આદર્શો, અથાગ પરિશ્રમ, સાદગીભર્યુ જીવન,
પરોપકારી સેવાભાવી સ્વભાવ, શિક્ષણ આપવાના-વધારવાના
સતત પ્રયાસો તથા સચ્ચાઇ અમારા પ્રેરણા સ્ત્રોત બની રહ્યા છે
ને રહેશે.' આપના દેહવિલયને આજે ત્રણ વર્ષ પૂરા થયા છે,
ત્યારે પ્રભુ આપના દિવ્ય આત્માને
પરમ શાંતિ બક્ષે એજ પરિવારની પ્રાર્થના.....


**અર્પણકર્તા**

ગં.સ્વ. જયશ્રીબેન કૃષ્ણકાંત મારફતીઆ
શ્રી નિરજકુમાર કે. મારફતીઆ   ગં.સ્વ. નિર્મળાબેન યુ. મારફતીઆ
શ્રીમતિ સ્વાતિ એન. મારફતીઆ   સ્વ. અનિલકુમાર યુ. મારફતીઆ
શ્રીમતિ મેઘના - શ્રી હર્ષકુમાર   ગં.સ્વ. વાસંતીબેન એ મારફતીઆ
ચિ. પ્રાર્થવી નિરજકુમાર મારફતીઆ
ચિ. આર્યન નિરજકુમાર મારફતીઆ
ચિ. પ્રાશું હર્ષકુમાર

૪૧/૭, 'શ્રી કૃષ્ણ વિહાર'
સોમનાથ મહાદેવ રોડ, સરગમ શોપિંગ સેન્ટરની પાછળ,
અઠવા લાઈન્સ, સુરત - ૩૯૫ ૦૦૭
(ઘર) + ૯૧-૨૬૧-૨૨૫૭૨૬૪   મો. : ૯૩૨૭૯ ૩૧૫૨૫

2010-2030

# સમાજપિતા
# સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રીને
# ૪૭મી પૂણ્યતીથીએ ભાવાંજલિ



સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી

જન્મ : ૨૩-૧-૧૯૨૧ અવસાન : ૧૦-૨-૧૯૭૭

॥ स्वेन क्रतुना संवेदत : ॥

મનુષ્ય પોતાના કર્મ દ્વારા બોલે...

કેવળ વાતો ન કરે....

પરંતુ કર્મ કરીને બતાવે...

**અર્પણકર્તા**

શ્રી ભરતભાઈ સી. પંચોલી
પ્રમુખ

શ્રી જયેશભાઈ સી. પંચોલી
માનદ્ મહામંત્રી

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**ના હોદ્દેદારો અને સંલગ્ન સંસ્થાઓ**

શ્રી નિલેશભાઈ જે. પંચોલી
અધ્યક્ષ-સી.ટી.સ્મારક નિધિ

શ્રી પ્રદિપકુમાર એ. પંચોલી
મંત્રી-સી.ટી.સ્મારક નિધિ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**

**જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૨૪**

તમસો માં જ્યોતિર્મય

**-: પ્રકાશન સ્થળ :-**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે, તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેંક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

**માસિક** **રૂા. ૧૦/-**
**વાર્ષિક લવાજમ** **રૂા. ૧૦૦/-**

# તંત્રીનોંધ



વ્હાલા જ્ઞાતિજનો...

કુશળ હશો....

'રામ આયેગેં...આયેગે..... રામ આયેંગે.... અને ૫૦૦ વર્ષના ઇન્તજાર પછી રામલલ્લા આવી ગયા....ટેન્ટ માંથી દિવ્ય મહેલમાં.... સર્વેએ આનંદથી એમના વધામણાં કર્યા અને દિપોત્સવ પણ ઉજવ્યો... અને આપણે સૌ પણ આ આગમનના સાક્ષી બન્યા...આપણે પણ વધામણા કરી દિપોત્સવ ઉજવ્યો.... આ ઘડી ખરેખર આપણાં માટે ધન્ય બની અને ધન્ય બની રહેશે.....કારણ આપણે આ ઘડીના સાક્ષી છીએ...

ઠંડીમાં ઠુઠવાઇ અને ગરમીનો સામનો કરવા સજ્જ થતા લોકોને ઉત્સવના વધામણાં આપતો મહાસુદ પાંચમનો દિવસ એટલે વસંત પંચમી... સોળે કળાએ ખીલી ઉઠેલી પ્રકૃતિ સૌંદર્યની લહાણ કરતી, મધુર મંદ પવન.... સતત દોડતા માનવ ને જાણે કહે છે....
' આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના..
ફૂલો એ બીજુ કાંઇ નથી પગલા વસંતના.
મલયાનિલોની પીછી ને રંગો ફૂલોના લઇ,
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના.....' આપણે વસંતના પણ વધામણાં કરીએ......
વસંતના આગમન પછી પરીક્ષાઓનું આગમન.... આપણે એને પણ વધાવવું રહ્યું... કારણ આખા વર્ષનો પરીશ્રમ અને એના ફળ લેવાના હોય આથી સંપૂર્ણ તૈયારી સાથે 'યા હોમ કરી પડો ફતેહ છે આગે' સાથે કૂદી પડવાનું છે.... આ અંક મળશે ત્યારે સૌ કોઇ પરીક્ષાની તૈયારીમાં હશે કે પરીક્ષા આપી રહ્યા હશે... સૌને ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છાઓ... 'જેવી મહેનત તેવું પરીણામ' લક્ષમાં રાખી સુંદર પરીણામની આશા સાથે આપણે પરીક્ષા આપીશું..... અસ્તુ

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલયકુમાર ડી. મિસ્ત્રી-સહતંત્રી
શ્રી પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ

ભરતકુમાર સી. પંચોલી-વ્યારા
પ્રમુખ-શ્રી પં.સૌ.સ.મહામંડળ



વ્હાલા જ્ઞાતિજનો,

આપ સૌને પંચોલી નવયુગના ૫૦૦માં અંકથી નવા વર્ષનાં વધામણાં કર્યા નવયુગનો ૫૦૦મો અંક પ્રકાશિત કરવામાં તંત્રીશ્રી દિનેશભાઇ તથા સહતંત્રી શ્રી મલયભાઈની ખૂબ જ મહેનતથી સુંદર અંક પ્રકાશિત કરી શકયા છે. અંકને શુશોભિત કરવામાં સર્વે જાહેરાત આપનાર જ્ઞાતિજનોનો પણ આભારી છું. હવે પછી પણ નવયુગને પ્રકાશિત કરવામાં સૌનો સાથ સહકાર મળશે એવી આશા રાખું છું.

નવા વર્ષની શરૂઆતથી દરેક ગામમાં રહેતા આપણાં સર્વે જ્ઞાતિજનોના રહેઠાણની વર્તમાન માહિતી મેળવવા માટે સાથી હોદ્દેદારોના સહકારથી ગુગલ ફોર્મ ખૂબ જ સરળ ભાષામાં તૈયાર કરી મોબાઇલ મારફત દરેક જ્ઞાતિજનોને પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે. જેનાથી આપણી વસ્તી અને કુટુંબની માહિતી તૈયાર થશે, તો આ ફોર્મ ભરવા માટે સર્વે જ્ઞાતિજનોને વિનંતી કરું છું. આ માહિતી તૈયાર કરવા માટે મારા સાથી હોદ્દેદારો તથા દરેક એકમોના હોદ્દેદારોને વિનંતી કરું છુ. ઉપરોક્ત માહિતીથી વર્તમાન સરનામા મળવાથી નવયુગ પહોચાડવાની કામગીરી સરળ રહેશે. મોટા એકમો જવા કે વડોદરા, સુરત, મુંબઇ એકમો ને પણ આ કાર્યમાં સક્રિય બનશે એવી આશા રાખુ છું. સૌના સહકારની અપેક્ષા રાખું છું

ઘણા સમયથી મહામંડળ પ્રેરિત યુવા સંમેલન, મહિલા સંમેલન કે ક્રિકેટ મેચનું આયોજન થઇ શકયુ નથી તો આવા આયોજન માટે પણ એકમો તૈયાર થાય તો આપણે સૌ ભેગા થઇ શકીએ..

વર્ષની શરૂઆતમાં દરેક એકમના હોદ્દેદારો સાથે ટેલીફોનથી સંપર્ક કર્યો છે, ટુંક સમયમાં મહામંડળના હોદ્દેદારો સાથે એકમોની મુલાકાત કરવાની વિચારણા કરી રહેલ છે.

અંક પ્રકાશિત થશે એટલે માર્ચ માસમાં ધો. ૧૦ અને ધો. ૧૨ના બોર્ડની પરીક્ષાઓ શરૂ થઇ જશે.. પરીક્ષાર્થીઓને મારીખૂબ ખૂબ શુભેચ્છાઓ

જય પંચોલી સમાજ

"Shree Rang"
Surekha Arts
& Crafts Classes
" Fevicryl Hobby Ideas"
Acrylic Painting, Glass Painting, Ceramic Painting, Candle Making, M-Seal Craft, Oil Painting.
" Special Drawing Classes for Children"
Twice a week
Luxurious Batch & Mixed Batch
Water Colour Batch



With Best Compliments...
Bharat Ganpatlal Pancholi
Surekha Bharat Pancholi
Dhruv - Preet

B-301, Harmony Appartment, EME Road,
Fatehganj, Vadodra-02
Ph. : 0265-2787421
Mo : 99798 96414

# ૫મી પૂણ્યતિથિએ હાર્દિક હૃદયાંજલી







**સ્વ. બાબુભાઈ હરગોવિંદદાસ પંચોલી**

**જન્મ તા. ૦૧.૦૪.૧૯૫૦ સ્વર્ગવાસ તા. ૦૯.૦૨.૨૦૧૯**


કુટુંબ માટે ફુલો પાથરી ગયા
જીવન એવું જીવી ગયા કે સૌને માર્ગદર્શક બની ગયા
દુઃખને દેખાડ્યું નહી, જીવનભર મહેનત કરી
સમગ્ર પરિવારનું હંમેશા ભલું કર્યુ.
સમાજમાં સુવાસ ફેલાવી સેવા, સમર્પણ અને સંસ્કારની જ્યોતિ જલાવી ગયા
પ્રભુ આપના આત્માને શાંતિ આપે એજ પાંચમી પૂણ્યતિથિએ પ્રભુને પ્રાર્થના....

## અર્પણકર્તા

ગં.સ્વ. જ્યોત્સનાબેન બાબુભાઈ પંચોલી
સેક્રોન એવન્યુ, હનુમાનજી મંદિર સામે,
હાંસોટરોડ, અંકલેશ્વર.
મો. : ૯૩૭૪૦ ૬૪૦૭૭/૯૩૭૫૬ ૩૩૧૧૧


હેમીલકુમાર મહેશભાઈ મિસ્ત્રી
રચના હેમીલકુમાર મિસ્ત્રી
જૈવિક હેમીલકુમાર મિસ્ત્રી
ચેમ્બુર

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રીમતિ કલાબેન દિનેશચંદ્ર પંચોલી લઠોદરા શ્રી મહેન્દ્રભાઈ પરસોત્તમદાસ પંચોલી લઠોદરા



# શ્રદ્ધાંજલી





**કૈવલધામવાસી શારદાબેન ચંપકલાલ પંચોલી**
જન્મ તા. ૨૨.૦૬.૧૯૩૫ કૈ.ધા.વા. ૦૮.૦૧.૨૦૧૬

**કૈવલધામવાસી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી**
જન્મ તા. ૦૨.૦૫.૧૯૩૨ કૈ.ધા.વા. ૧૨.૦૩.૨૦૧૫

**અર્પણકર્તા**

આનંદી-ભરતકુમાર ચંપકલાલ પંચોલી
પરિવાર-વ્યારા

ચંદ્રિકા-કનુભાઇ હિંમતભાઇ પંચોલી
પરિવાર-પાવી જેતપુર

રેખા -હરીશચંદ્ર ચંપકલાલ પંચોલી
પરિવાર-યુ.કે.



**Priya Chintukumar mistry**
B.Sc.Nursing

# *Congratulations.....*

## PRIYA CHINTUKUMAR MISTRY

## B.SC.NURSING

Congratulations to Priya Mistry on successfully completed her Bachelor degree from Sardar Patel University, Vallabh Vidhyanagar,Anand with securing second rank in all over university. We are proud and have faith on her great achievement and her hardwork.

**Blessings from**

Ranjanben Sumanbhai Pancholi
Chintukumar Bhagubhai Mistry
Vaishali Chintukumar Mistry
Raj Chintukumar Mistry

634,Haripriya Nani Chhivad,
Gandevi 396360 Navsari, Gujarat.
9825570685,9724303482

# સમાજ સુરક્ષા યોજના
## સામાન્ય સભા

તા. ૨૯.૧૦.૨૦૨૩ના રોજ અંકલેશ્વર મુકામે રોટરી યુ.પી.એલ લાયબ્રેરી હોલમાં સમાજ સુરક્ષાની સામાન્ય સભા સવારે ૯.૪૫ કલાકે રાખવામાં આવી. જેમાં જુદા જુદા એકમોમાંથી આવેલ સભ્યોને અધ્યક્ષશ્રી નવીનભાઇએ આવકાર્યા અને એજન્ડા પ્રમાણે કાર્યવાહી કરવાની વિનંતી કરવામાં આવી.

એજન્ડા -૧ મિટીંગ કોલ બાય ઓર્ડર :- અધ્યક્ષશ્રી નવીનભાઇ પંચોલીએ મહામંડળના ઉપપ્રમુખશ્રી મુકેશભાઇ, મંત્રીશ્રી જયેશભાઇ, ખજાનચીશ્રી અંકિતભાઇ તથા અંકલેશ્વર એકમના પ્રમુખ શ્રી અખિલભાઇ મહેતાને આવકાર્યા.

એજન્ડા-૨ પાછલા વર્ષના દિવંગત આત્માઓને શ્રધ્ધાંજલી આપવા બાબાત :- અધ્યક્ષશ્રી નવિનભાઇ પંચોલીએ ગત વર્ષ દરમ્યાન સમાજના દિવંગત આત્માઓને યાદ કરી સભાને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવા માટે રજુઆત કરતા, સભાએ ૨ મિનિટ મૌન પાળી દિવંગત આત્માને શાંતિ અર્થે શ્રધ્ધાંજલી અર્પણ કરી.

એજન્ડા-૩ :- ગત સમાન્ય સભાની મિનિટસને મંજુરી આપવા બાબત :- તા. ૩૦.૩.૨૦૨૩ના રોજ મળેલ ઓનલાઇન મિટિંગના એજન્ડા નં.૧ થી ૪નું વાંચન સભા સમક્ષ કરવામાં આવ્યું. જે બરાબર હોય સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

એજન્ડા-૪ - શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજનાના વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષના ઓડિટ થયેલ હિસાબો સભા સમક્ષ રજુ કરવામાં આવ્યા. સભા દ્વારા જરૂરી ચર્ચા-વિચારણા કરતા સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

એજન્ડા -૫ પ્રમુખ સ્થાનેથી રજુ થતા કાર્યો :-

(૧) સમાજ સુરક્ષા યોજનાના વારસદારોના નામોની તકલીફ અંગેની રજુઆત - અધ્યક્ષશ્રી નવિનભાઇ પંચોલીએ ઘણાં સભ્યશ્રીઓના વારસદારોના નામો તથા સરનામા બદલાયા હોય, કામગીરી કરવામાં ઘણી તકલીફ અનુવવી પડે છે. એવી રજુઆત કરતા સૌ સભ્યોએ નવેસરથી દરેક સભ્ય પાસે વારસદારનું નામ, સરનામું, મોબાઇલ નંબર અપડેટ કરવા જરૂરી ફોર્મ બનાવી નવયુગમાં પ્રસિધ્ધ કરી મંગાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

(૨) વાર્ષિક ફાળાની રકમ તથા વળતર ચુકવવા બાબાત : અધ્યક્ષશ્રી નવિનભાઇ પંચોલી દ્વારા અગામી વર્ષથી વાર્ષિક ફાળાની રકમ તથા સભ્યશ્રીના અવસાન બાદ ચુકવવાની થતી રકમ નકકી કરવાની રજુઆત કરતા જરૂરી ચર્ચા-વિચારણાને અંતે અગામી ત્રણ વર્ષ માટે વાર્ષિક ફાળાની રકમ સભ્ય દીઠ રૂા. ૩૦૦(ત્રણસો) વાર્ષિક લેવાનું નકકી કરવામાં આવ્યું. અને આ વર્ષ દરમ્યાન સભ્યોના અવસાન બાદ સમાજ સુરક્ષાના વળતરની રકમ જે ચુકવવાની થાય છે તે રૂા. ૩૦,૦૦૦/- અંકે રૂા. ત્રીસ હજાર પુરા ચુકવવાનું સર્વાનમતે નકકી કરવામાં આવ્યું.

(૩) સમાજ સુરક્ષા માટેનું ફંડ ઉભુ કરવાની રજુઆત : મુંબઇના કિરણભાઇ દ્વારા સમાજ સુરક્ષા યોજના માટે ફંડ ઉભુ કરવા માટે રૂા. ૫૦૦૦/- વગર વ્યાજે ૫ વર્ષ માટે લઇ છઠ્ઠા વર્ષે જે તે દાતાને મુળ રકમ પરત કરવી એવી અધ્યક્ષશ્રી નવિનભાઇ સાથે ચર્ચા કરતા નવિનભાઇ દ્વારા આ મુદ્દે આજની સામાન્ય સભામાં રજુ કરવામાં આવી, જરૂરી ચર્ચા

કરતા સભા દ્વારા સમાજ સુરક્ષા યોજના સભ્ય પુરતી મર્યાદિત હોય મહામંડળ લેવલે જો આવુ ફંડ ઉભુ કરવામાં આવે તો વધુ ઉપયોગી નીવડે એમ છે. જેથી મહામંડળમાં આ અંગેની કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું.

(૪) સન્માન કરવા બાબત :- વર્ષ દરમ્યાન જે જ્ઞાતિજનો દ્વારા સમાજ સુરક્ષા યોજનાના નવા સભ્યો બનાવી યોજનાને મદદરૂપ થવા બદલ યોગદાન આપવા બદલ અધ્યક્ષશ્રી દ્વારા તેઓશ્રીની કામગીરીને બીરદાવી જેમાં કવાંટ એકમ માંથી વધુમાં વધુ ૪૪ સભ્ય બનાવવા બદલશ્રી કમલેશભાઇ પંચોલીનું, સુરતના રાજેશભાઇ ગાંધીનું, રાજપીપલાના શ્રી નિખિલભાઇ પંચોલીનુ તથા વ્યારા પ્રગતિ મહિલા મંડળને પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવ્યા.

(૫) વાર્ષિક ફાળાની રકમ ન ભરનાર બાબતની ચર્ચા :- સમાજ સુરક્ષા યોજનાના વાર્ષિક ફાળાની રકમ એપ્રિલ થી જુન સુધી લેવામાં આવે છે. વારંવાર વાર્ષિક ફાળાની રકમ ભરવામાં આવતી નથી જેથી આજની સામાન્ય સભામાં સર્વાનુમતે એવું નકકી કરવામાં આવે છે કે એપ્રિલ થી જુન દરમ્યાન વાર્ષિક ફાળાની રકમ દરેક સભ્યશ્રી પાસે લેવી, જો કોઇ સંજોગોમાં સભ્યશ્રી દ્વારા વાર્ષિક ફાળાની રકમ આ ત્રણ માસમાં ન ભરવામાં આવે તો આવા સંજોગોમાં સભ્યશ્રીનું સભ્યપદ રદ ગણાશે. આ ત્રણ માસની અંદર વાર્ષિક ફાળાની રકમ ભરપાઇ ન કરેલ હોય એવા સભ્યશ્રીનું અવસાન થાય તો સભ્યશ્રીના વારસદાર પાસે વાર્ષિક ફાળાની રકમ વસુલ કરી તેને સમાજ સુરક્ષા વળતરની રકમ ચુકવવી એમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું.

એજન્ડા - ૬ :- સમાજ સુરક્ષાના નવા હોદ્દેદારોની વરણી કરવા બાબત - આજની સભાના અગામી બે વર્ષ માટે હોદ્દેદારોની વરણી નીચે પ્રમાણે કરવામાં આવી.

પ્રમુખ : શ્રી મનિષકુમાર મોહનલાલ પંચોલી

ઉપપ્રમુખ : શ્રી રાજેશભાઇ પોપટલાલ ગાંધી

મંત્રી : શ્રી અંકિતકુમાર હર્ષદભાઇ પંચોલી

સહમંત્રી શ્રી નિખિલભાઇ પનસભાઇ પંચોલી

ઉપરોકત હોદ્દેદારોની વરણી સર્વાનુમતે કરવામાં આવી તથા શ્રી પંચોલી સેવા સમાજ મહામડળના ખજાનચી તરીકે શ્રી દિવ્યેશ પંચોલી-વ્યારા ની નિમણુંક કરવામાં આવી.

એજન્ડા ૭ : બેંકમાં લેવડ દેવડ કરવાની સત્તા નીચે મુજબ આપવામાં આવી - પ્રમુખ- ઉપપ્રમુખ પૈકી એક તથા મંત્રી - સહમંત્રી અને ખજાનચી પૈકી એક એમ બેની સંયુકત સહીથી તમામ લેવડ-દેવડ કરવાની સત્તા આપવામાં આવી.

એજન્ડા ૮ - વોટસ ઓફ થેંકસ :- અધ્યક્ષશ્રી નવિનભાઇ પંચોલીએ આજની સામાન્ય સભા માટે અંકલેશ્વર એકમમાં સામાન્ય સભા યોજવા માટે તથા હાજર રહેલ સૌ હોદ્દેદારોનો આભાર માની આજની સભા પૂર્ણ થયેલ જાહેર કરી.

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૭૫૧/- શ્રીમતિ રચના અને હેમીલ મહેશભાઇ મિસ્ત્રી તરફથી સ્વ. બાબુભાઇ હરગોવિંદદાસ પંચોલી-અંકલેશ્વર ના સ્મરણાર્થે. નવયુગને ભેટ

રૂા. ૧૦૦૦/-સુરત નિવાસી શ્રીમતિ ઇંદુબેન અને શ્રી રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી તરફથી પૌત્રી ચિ. નંદિનીના શુભ લગ્ન પ્રસંગ નિમિત્તે નવયુગને ભેટ

સભ્ય નંબર :

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત
# સમાજ સુરક્ષા યોજના

પ્રતિ,
પ્રમુખ/મંત્રીશ્રી
પંચોલી સમાજ સુરક્ષા યોજના

હું નીચે સહી કરનાર............................................................................શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત પંચોલી સમાજ સુરક્ષા યોજનામાં ............................નંબરનું સભ્યપદ ધરાવું છું. મારા દ્વારા અગાઉ આ યોજનામાં આપવામાં આવેલ માહિતી રદ ગણી નીચે જણાવેલ માહિતીઓ મારા ખાતામાં અપડેટ કરવા વિનંતી.

સભ્યનું નામ :..................................................................................
સભ્ય નંબર :................................................
પત્ર વ્યવહારનું કાયમી સરનામું :..................................................................................
..................................................................................
મોબાઇલ નંબર :................................ વોટસએપ નંબર : ................................
બેંક નું નામ :..................................................................................
સરનામું :..................................................................................
IFSC કોડ :............................. એકાઉન્ટ નંબરઃ.......................................
મારા વારસદારનું નામ :..................................................................................
તેમની સાથેનું સગપણ :..................................................................................
વારસદારનું સરનામું : ..................................................................................
: ..................................................................................
મોબાઇલ નંબર :................................ વોટસએપ નંબર : ................................
બેંક નું નામ :..................................................................................
સરનામું :..................................................................................
IFSC કોડ :............................. એકાઉન્ટ નંબરઃ.......................................

ઉપરોક્ત વિગતોની સાથે હું મારો તથા મારા વારસદારનો આધારકાર્ડ તથા બેંકની પાસબુકની નકલ સામેલ રાખી મોકલું છું.

તારીખ : ............................................... સહી : .......................................................

ઉપરોક્ત ફોર્મ/માહિતી કુરીયર અથવા ટપાલ મારફત નીચે જણાવેલ સરનામા પર મોકલવા વિનંતી.

**અંકિત એચ. પંચોલી - મો. નં. ૯૭૧૨૫ ૧૨૩૩૩**

એ-૩૮, 'નંદની' મીરા રેસીડન્સી, ડી.કે.પાક પાસે, વ્યારા, જિ. તાપી-૩૯૪ ૬૫૦

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. દિનેશભાઈ જમનાદાસ મિસ્ત્રી નવસારી | શ્રી દિપકભાઈ મગનલાલ પંચોલી બિલીમોરા

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
## સ્વ. અ.સૌ. ભગવતીબેન અને સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી ના સ્મરણાર્થે
## સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને પ્રોત્સાહક ઈનામ વ્યાજ વપરાશ ફંડ


**સ્વ. શ્રી મણીલાલ ભૂલાભાઈ પંચોલી**
જ.તા. ૧.૧.૧૯૨૭ સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨

**સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી**
જ.તા. ૧.૧.૧૯૩૪ સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧

સમાજના વિદ્યાર્થીઓ વધુને વધુ પ્રગતિ કરે અને સમાજનું નામ રોશન કરે એવા હેતુથી સમાજના શ્રેષ્ઠ એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીનીને દર વર્ષે પ્રોત્સાહક ઈનામ આપવા માટે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૧,૧૧,૧૧૧/- (એક લાખ અગીયાર હજાર એકસો અગીયાર)નું દાન ભંડોળ વ્યાજ વપરાશ ફંડ તરીકે મુંબઈના શ્રી કિરણભાઈ મણીલાલ પંચોલી પરિવાર તરફથી મળ્યું છે.
વર્ષ ૨૦૧૭ની મહામંડળની સામાન્ય સભામાં નક્કી થયા મુજબ પંચોલી નવયુગમાં આવેલ માહિતી માંથી જ મહામંડળના પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી, સી.ટી.સ્મારક નિધિના પ્રમુખશ્રી-મંત્રીશ્રી તથા દાતાના પ્રતિનિધિની બનેલ પાંચ જણની સમિતિ પોષ્ટ ગ્રેજ્યુએટને ઈનામ આપવા અંગે નિર્ણય લેશે, જે આખરી નિર્ણય ગણાશે.. વર્ષ ૦૧/૦૪/૨૨ થી ૩૧/૦૩/૨૩ સુધી નવયુગમા પ્રકાશિત થયેલ માહિતી આધારે વર્ષ ૨૦૨૨/૨૩ ના

**શ્રેષ્ઠ વિદ્યાર્થીની : પ્રણાલી કમલેશભાઈ પંચોલી (મુંબઈ) એમ.એસ.સી.**
**જીલ શીરીશકુમાર પંચોલી-(સેલવાસ) એમ.એસ.સી** .ને જાહેર કરે છે.

ઉપરોકત વિદ્યાર્થીઓને પ્રોત્સાહક રોકડ ઈનામ રૂા. ૩,૦૦૦/- વિદ્યાર્થી દીઠ હાથોહાથ આગામી ૨૦૨૩-૨૪ ની સામાન્ય સભામાં આપવામાં આવશે..
વ્યાજમાંથી નવયુગને પણ દર વર્ષે રૂા. ૧૫૦૦/- જાહેરાત પેટે મળશે...



**પ્રણાલી**
**મુંબઈ**



**જીલ**
**સેલવાસ**

**શુભેચ્છક**

**શ્રી કિરણ મણીલાલ પંચોલી** — **અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી**
**શ્રી કૌશલરાજ કિરણ પંચોલી** — **અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી**
**ચિ. ધ્યાના - ચિ. ક્રિશિવ કૌશલરાજ પંચોલી**
**શ્રી અક્ષર જયેશભાઈ ગાંધી** — **અ.સૌ. હેતલ અક્ષર ગાંધી**
**ચિ. હિયાંશ અક્ષર ગાંધી**

૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લોટ ૬-ડી, દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૫૪ AS. ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ Mo. 7977729278

શ્રી ભરતભાઈ સી. પંચોલી
પ્રમુખ

શ્રી જયેશભાઈ સી. પંચોલી
માનદ્ મહામંત્રી

શ્રી નિલેશભાઈ જે. પંચોલી
અધ્યક્ષ-સી.ટી.સ્મારક નિધિ

શ્રી પ્રદિપકુમાર એ. પંચોલી
મંત્રી-સી.ટી.સ્મારક નિધિ

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**

# મહિલા સંગઠન-૨૦૨૪



શ્રીમતિ ગીતાબેન જે. ગાંધી
**અધ્યક્ષા**



શ્રીમતિ નયનાબેન એન. પંચોલી
**કો-ઓર્ડીનેટર**

વ્હાલી બહેનો,

દિપોત્સવી અંક આપ સૌને મળી ગયો હશે. આ અંકમાં દરેક બહેનોને હૃદયથી શુભકામના પાઠવી છે. સાથે આપ સર્વેના સાથ-સહકારથી અને મહામંડળે અમારા પર મુકેલા વિશ્વાસથી ફરીથી આપ સૌ સાથે હળીમળીને સેવા કરવાની તક મળી છે તે માટે મહામંડળના નવા વરાયેલા હોદ્દેદારશ્રીઓનો તથા આપ સર્વે બહેનોનો હૃદયથી આભાર માનીએ છીએ.

ગત બે વર્ષ દરમ્યાન આપે ખૂબ જ ઉત્સાહથી દરેક પ્રોજેક્ટ સફળતાપૂર્વક કર્યા છે. એવી જ રીતે ચાલુ વર્ષના પણ તમામ પ્રોજેક્ટ આપ ખૂબ જ સફળતાપૂર્વક કરશો અને મહિલા સંગઠનને વધુ મજબુત બનાવશો તેવી આશા રાખીએ છીએ...

વર્ષ ૨૦૨૪ના પ્રોજેક્ટ

**જાન્યુઆરી** : આ માસના પ્રોજેક્ટ દરેક એકમે પોતાની રીતે કરવાના હતા તેની અગાઉ જાણ કરવામાં આવી હતી જે ક્રીએટીવ અને હેલ્થફુલ હોવા જોઈએ..

**ફેબ્રુઆરી** : **P** : ગરમાગરમ ઉંધીયુ અને જલેબી, પોંક સેવની ઉજાણી..

**S** : સંસ્કાર સાથેનું શિક્ષણ એજ સાચુ શિક્ષણ(વકૃત્વ સ્પર્ધા)

**માર્ચ** : **P** : હોળી-ધુળેટી, શિવરાત્રીની ઉજવણી

**S** : મહિલા દિન નિમિત્તે - મારો આદર્શ રોલ મૉડલ : મારી માતા : મારા સાસુમા-નિબંધ સ્પર્ધા

**એપ્રિલ** : **P** : ભવ્ય રામનવમીની ઉજવણી

**S** : ફરાળી વાનગી સ્પર્ધા

**મે** : **P** : ગાર્ડનમાં ડબ્બા પાર્ટી

**S** : વિવિધ રમતગમત સ્પર્ધા

**જુન** : **P** : ગાયનેકોલોજીસ્ટ ડોક્ટર દ્વારા બેનોને થતા ગર્ભાશય અને સ્તન કેન્સર અંગે જાગૃતિ અને માર્ગદર્શન

**S** : વડસાવિત્રી નિમિત્તે રેડ એન્ડ ગ્રીન કલરમાં મેચીંગ ડ્રેસીંગ સ્પર્ધા.

**જુલાઈ** : **P** : ગુરૂપૂર્ણિમા અને જયાપાર્વતી વ્રતની ઉજવણી

**S** : સમાજમાં અને શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની ચાલતી વિવિધ સહાય અને યોજનાઓ વિષે પ્રશ્નપત્ર તૈયાર કરી(અગાઉ જાણ કરીને)કવીઝ રમાડવી.

**ઓગસ્ટ** : **P** : સ્વાતંત્ર્યદિન અને જન્માષ્ટમીની ઉજવણી

**S** : શ્રાવણમાસ નિમિત્તે ભજન સ્પર્ધા

**સપ્ટેમ્બર** : **P** : શ્રાદ્ધપર્વ નિમિત્તે પૂર્વજોના આત્માની શાંતિ માટે સમુહમાં પૂજાપાઠનું આયોજન

**S** : ઈકો ફ્રેન્ડલી ગણપતિની મૂર્તિ (કાગળ, પુંઠા, માટી વગેરે માંથી) સાથે ડેકોરેશન સ્પર્ધા.

**ઓક્ટોબર : P :** ગાંધી જયંતી, સરદાર પટેલ જયંતીની ઉજવણી. દિવાળી નિમિત્તે ઓનલાઈન દીવડા, લાઈટીંગ અને રંગોળીથી ઘર સજાવટ

**S :** નવરાત્રી નિમિત્તે એકશન અને ડ્રેસીંગ સ્પર્ધા.

**નવેમ્બર : P :** દેવ દિવાળી ઉજવણી

**S :** શીઘ્ર વર્તન અને રીઘ્ર વકૃત્વ સ્પર્ધા

**ડિસેમ્બર : P :** એક દિવસીય પ્રવાસ

**S :** વિવિધ હેલ્થી સુપ અને સલાડ ડેકોરેશન સ્પર્ધા.

**વર્ષ ૨૦૨૪નો વિશિષ્ટ પ્રોજેક્ટ :** આ વર્ષ દરમ્યાન દરેક એકમની બહેનોએ પોતાના જુનાં કપડાં ચંપલ, પર્સ, ઘરવખરીની વસ્તુ જે ન વાપરતા હોય અને કન્ડીશનમાં સારી હોય તેવા એકત્ર કરી ઝૂપડપટ્ટી, ગરીબ આવાસ, અનાથાશ્રમ, રીમાન્ડ હોમ, વૃધ્ધાશ્રમમાં જઈ તેનું વિતરણ કરવું.

વિશેષ નોંધ : કોઈની પણ લાગણીને ઠેસ ન પહોંચે તે રીતે જે તે સ્થળે અગાઉથી જાણ કરીને તે મુજબનું આયોજન કરી વિતરણ કરવા જવું...

ખાસ ધ્યાનમાં લેવાની બાબત : આ વર્ષે ખાસ દરેક પ્રોજેકટના માર્કિંગ વખતે દરેક એકમની બહેનોની સંખ્યા ખાસ ધ્યાનમાં લેવામાં આવશે. આપણે મહિલા સંગઠન હેઠળ વધુને વધુ બહેનો સાથે મળીને પ્રવૃત્તિ કરીએ તે ઈચ્છનીય છે. માત્ર કારોબારીની બહેનો ભેગા થઈને પ્રોજેકટ કરીએ છે તે યોગ્ય નથી. તમારા એકમમાં ૭ બહેનો હોય કે ૧૦૭ પણ દરેક પ્રોજેકટમાં તમારા મહિલા મંડળની સંખ્યા ખાસ ધ્યાનમાં લઈને ચાલુ વર્ષનું માર્કિંગ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો. ચાલુ વર્ષે ૫૦% માર્કસ તમારી સંખ્યાને આપવામાં આવશે અને ૫૦% માર્કસ તમારા પ્રોજેકટને આપવામાં આવશે.

આપના સાથ-સહકારની અપેક્ષા સહ.......


## ૨૩મી મેરેજ એનીવર્સરીએ
## હાર્દિક શુભેચ્છાઓ



**ચિ. હેમિલ - અ.સૌ. રચના**

તા. ૧૫.૨.૨૪ના રોજ ૨૩મી મેરેજ એનીવર્સરી નિમિતે હાર્દિક શુભેચ્છાઓ....

**શુભેચ્છક**

સ્વ. મણીબા
સ્વ. બાબુભાઈ એચ. પંચોલી
જયોત્સનાબેન બી. પંચોલી

બી-૩૦૩, સેફરોન એવન્યુ, હનુમાનજી મંદિર સામે, સાંઈપૂજા રેસ્ટોરન્ટ પાસે, હાંસોટરોડ, અંકલેશ્વર
મો. : ૯૩૭૪૦ ૬૪૦૭૭, ૯૩૭૫૬૩૩૧૧૧

**સ્વ. અંબુદાદા - સ્વ. ગુલાબ બા**

મહેશભાઈ એ. મિસ્ત્રી હંસાબેન એમ. મિસ્ત્રી
ચિ. તુષાર એમ. મિસ્ત્રી
ચિ. જૈવિક

301, 3rd Floor, Plot No. 85,
Guru Nanak Kutiya Buldg.
Sindhi Society, Chembur, Mumbai-400071
Mo. +919321105674

# સંસ્થા સમાચાર

શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ   શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇ   શ્રી યુવા મંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઇ

## દિપોત્સવી રસોત્સવ-મુંબઈ ૨૦૨૩-૨૪





લાભ પાંચમ-શનિવાર તા. ૧૮ નવે. ૨૦૨૩ના શુભ દિન દિપોત્સવી-રસોત્સવ ૨૦૨૩-૨૪ -રાસગરબા અને રંગારંગ સમુહ સંમેલનનું આયોજન શ્રી રાધાકૃષ્ણ એ.સી. બેંકવેટ હોલ-મીરારોડ ખાતે યોજવામાં આવ્યું. જેમાં ૧૫૦ સભ્યો ટ્રેડીશનલ ડ્રેસ માં સજ્જ રહી હાજર રહ્યા હતાં. સાંજે ૫.૦૦ કલાકે શ્રી યુવામંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઇના પ્રમુખ શ્રી મયૂરભાઇ કમલભાઇ કાપડિયા દ્વારા હાજર રહેલ સૌનું સ્વાગત કરી દિવાળી તેમજ નૂતન વર્ષના અભિનંદન નિમિત્તે શુભકામના પાઠવવામાં આવી.

લાભપાંચમ-દિપોત્સવી રસોત્સવ ૨૦૨૩-૨૪ના રંગારંગ કાર્યક્રમાં પ્રથમ ગણેશ વંદના કરી સભાગૃહમાં હાજર સૌ સભ્યો દ્વારા રાષ્ટ્રગીતને સન્માનિત કરી રાષ્ટ્રગીત જન-ગણ-મન દ્વારા સલામી આપવામાં આવી.

આજરોજ સુધીમાં સ્વર્ગસ્થ પામેલ સભ્યોને શ્રધ્ધાંજલી અર્પિત કરવામાં આવી. ત્યારબાદ સર્વે સભ્યો પંચોલી ગીતનો આનંદ માણ્યો. સાંજે ૫.૪૫ કલાકે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના પ્રમુખ શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી, શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઇના પ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલ મિસ્ત્રી, શ્રી યુવા મંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઇના પ્રમુખ શ્રી મયૂરભાઇ કમલભાઇ કાપડિયા સાથે લીના રાહુલ મિસ્ત્રી અને શ્રીમતિ ફોરમ દેવાંગ ગાંધી વગેરેના વરદ હસ્તે દિપપ્રાગટ્ય કરી માતાજીની આરતીનો પ્રારંભ કરવામાં આવ્યો જેનો લાભ હાજર રહેલ સૌ સભ્યોએ લીધો. ૬.૧૫ થી હાજર રહેલ સર્વે સભ્યોને ફ્રુટપંચ કોલ્ડ્રીંક્સ સાથે ચીઝ રોલનો અલ્પાહાર નો આનંદ લેતા લેતા ગરબાની રમઝટમાં લીન થઇ રહ્યાં. આજરોજ આરતી થાળ સજાવટની પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ સભ્યોએ ભાગ લીધો હતો. રાસ-ગરબા નિમિત્તે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સભ્યોએ આનંદ ઉત્સાહથી ભાગ લીધો. નારી રત્ન એવમ પંચોલી યુગાંતર માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી પરિવાર તરફથી દિપોત્સવી રસોત્સવ ના કાર્યક્રમમાં હાજર રહેલ તમામ મહિલા સભ્યોને લ્હાણી આપી અભિનંદન પાઠવ્યા. આરતી-થાળી શણગારના નિર્ણાયક તરીકે પ્રભા રશ્મિન મિસ્ત્રી અને ગરબા હરિફાઇના નિર્ણાયક તરીકે શ્રીમતિ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી-અંકલેશ્વરે સેવા આપી હતી. બન્ને નિર્ણાયકોનો આભાર માની દક્ષાબેનને ડિમ્પલબેને સ્મૃતિભેટ આપી હતી.

આરતી સજાવટ ઇનામના હકકદાર બન્યા.....

પ્રથમ : વીણા મયુર જગદીશભાઇ મિસ્ત્રી-મીરારોડ

દ્વિતીય : કુમારી હર્ષિતા હિરલ સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. ભીખુભાઇ ઠાકોરભાઇ મિસ્ત્રી દ્વારા સ્વ. મગનભાઈ હરીભાઈ મિસ્ત્રી દ્વારા

તૃતીય : શ્રીમતિ ફોરમ દેવાંગ કિરીટભાઇ ગાંધી-મીરારોડ

ચતુર્થ : કુ. યુકતા મિનેષભાઇ સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી

પાંચમા : માનનીય હંસાબેન જયંતિભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ

દિપોત્સવી રસોત્સવ રાસ-ગરબા સ્પર્ધાના વિજેતા

બેસ્ટ કોસચ્યુમ મેલ : દેવાંગ કિરીટભાઇ વ્રજલાલ ગાંધી-મીરારોડ

બેસ્ટ કોસચ્યુમ ફીમેલ : ફોરમ દેવાંગ કિરીટભાઇ ગાંધી -મીરારોડ

બેસ્ટ કોસચ્યુમ ચાઇલ્ડ મેલ : કુમાર મીત નયન નવિનભાઇ મિસ્ત્રી-મીરારોડ

બેસ્ટ કોસચ્યુમ ચાઇલ્ડ ફીમેલ : કુ. પ્રાંશી વિશાલ કમલભાઇ કાપડિયા-મીરારોડ., કુ. ઇશીકા રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી-મીરારોડ, કુ. દેવાંશી સંદિપ પ્રમોદભાઇ મિસ્ત્રી-અંધેરી

બેસ્ટ ડાન્સર મેલ : શ્રી કુમારેશ જયંતિલાલ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ

બેસ્ટ ડાન્સર ફીમેલ : શ્રીમતિ પલ્લવી રાકેશ નવિનચંદ્ર મિસ્ત્રી-મીરારોડ.

બેસ્ટ ડાન્સર ચાઇલ્ડ ફીમેલ : કુ. જેનીશા સમીર પ્રવિણ મિસ્ત્રી-ગોરેગાંવ, કુ. હર્ષિતા હિરલ સુરેશ મિસ્ત્રી-અંધેરી, કુ. વિધિ શશાંક દિલીપ પંચોલી-વિરાર, કુ. ધ્રુવી કમલેશ ધીરજલાલ પંચોલી-મુંબઇ

બેસ્ટ ડાન્સર સી. સીટીઝન મેલ : શ્રી પરેશ ચંદ્રકાંત પંચોલી-શાંતાક્રુઝ

બેસ્ટ ડાન્સર સી. સીટીઝન : માનનીય ભાવનાબેન જયંતિલાલ ચુનીલાલ મિસ્ત્રી-મીરારોડ

બેસ્ટ કપલ ડાન્સર : શ્રીમતિ ડિમ્પલ અને શ્રી નયન નવિનભાઇ ચંદુલાલ મિસ્ત્રી-મીરારોડ

રાત્રે ૮.૩૦ કલાકે સ્વાદિષ્ટ ભોજન અને ગુલકંદ કુલ્ફીનો આનંદ સર્વે હાજર સભ્યોએ માણ્યો. અને એકબીજાને દિપાવલી અને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છુટા પડયા.

અમો આભારી છીએ..... આજરોજ લાભપાંચમ-દિપોત્સવી કાર્યક્રમ - ૨૦૨૩-૨૪માં સમયસર હાજર રહી અમુલ્ય ફાળો તેમજ કાર્યક્રમનો આનંદ માણવા બદલ હાજર રહેલ સભ્યોના. શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇના, શ્રી યુવામંચ આવિષ્કાર ગ્રુપના તમામ કારોબારી સભ્યોના.

આજરોજ મળેલ ભેટ

મહિલા નિભાવ ફંડ

૨૨૨૨ શ્રીમતિ કૃપા આશિષ હરીશભાઇ પંચોલી-અંધેરી

૨૨૨૨ શ્રીમતિ જયશ્રીબેન નંદકુમાર નરોત્તમભાઇ મિસ્ત્રી-કાંદિવલી

૩૩૩૩ શ્રીમતિ જીગીષા શશાંક દિલીપભાઇ પંચોલી-વિરાર

૩૩૪૯-શ્રીમતિ અવની નિશાંત મયંક ઠાકોરભાઇ મિસ્ત્રી - ગોરેગાંવ

૩૩૩૩ શ્રીમતિ પ્રર્ણિમાબેન કિરીટભાઇ ગ્રજલાલ ગાંધી-મીરારોડ

૩૩૩૩ માનનીય વસુમતીબેન પ્રવિણચંદ્ર ડાહ્યાભાઇ મિસ્ત્રી-ગોરેગાંવ

૩૩૩૩ શ્રીમતિ નીતાબેન રવિન્દ્ર છગનલાલ મિસ્ત્રી-મીરારોડ

૨૨૨૨ શ્રીમતિ રેશ્મા કુંતલ પ્રફુલ પંચોલી-માહિમ

આજીવન સભ્ય ફી

૨૫૧ શ્રીમતિ જીગીષા શશાંક દિલીપભાઇ પંચોલી-કાંદિવલી

૨૫૧ શ્રીમતિ અવની નિશાંત મયંક ઠાકોરભાઇ મિસ્ત્રી - ગોરેગાંવ

૩૫૧ શ્રી કિરીટભાઇ વ્રજલાલ ગાંધી-મીરારોડ

૨૫૧ શ્રીમતિ પૂર્ણિમાબેન કિરીટભાઇ વ્રજલાલ ગાંધી-મીરારોડ

૨૫૧ શ્રીમતિ રેશ્મા કુંતલ પ્રફુલભાઇ પંચોલી-માહિમ

૫૦૧ યુગાંતર જયંતિભાઇ મંગુભાઇ મિસ્ત્રી-મીરારોડ દિપોત્સવી ભેટ

૧૦૦૦૦ શ્રી કિરીટભાઇ વ્રજલાલ ગાંધી-મીરારોડ પુરૂષ નિભાવ ફંડ

૧૦૦૦ નારીરત્ન-પંચોલી યુગાંતર મા. હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી(પંચોલી સમાજ મુંબઇને)

૧૦૦૦ નારીરત્ન-પંચોલી યુગાંતર મા. હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-અંધેરી(ભગીની સમાજ ને)

૨૫૦૦ શ્રી નિનેશભાઇ સુરેશભાઇ મિસ્ત્રી -અંધેરી -વૈદકીય સહાય

૭૦૧ શ્રી દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી-અંકલેશ્વર


૩૩૩૪ શ્રી જીગર જયંત નારણદાસ મિસ્ત્રી-ખેતવાડી પુરૂષ નિભાવ ફંડ

## પંચોલી સમાજ-અમદાવાદ

'રાજપીપલા હાઇસ્કૂલ' શતાબ્દિ મહોત્સવ તા. ૨૧.૦૧.૨૦૨૪ રવિવારે ઉજવાયો, સમારંભના અતિથિવિશેષ તરીકે સુપ્રસિધ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલી હતાં. અન્ય મહાનુભાવો સાથે પ્રશસ્તિપત્ર અને શાલ-બુકે થી સ્વાગત શ્રી હસમુખભાઇ પ્રજાપતિએ કર્યુ. સમય મર્યાદાને લઇને એમનું વ્યકતવ્ય શાનદાર પણ ટુંકુ રહ્યું. જુના સંસ્મરણો યાદ કરીને, સ્કૂલ પેલેશીયલ બિલ્ડીંગ સદાય શિક્ષણમાં રત શિક્ષકોને યાદ કર્યા. શિક્ષકોની વિદ્યાર્થી અને સમય પાલનની વિશિષ્ટ બાજુઓ કરી સર્વે કૃતાર્થ બન્યા...

આ સિદ્ધિ બદલ સમાજ ગૌરવ અનુભવે છે.....

## અનુકરણિય



**સ્વ. પંચોલી નગીનલાલ સોમાભાઇ પંચોલી તા. ૧૫.૧૨.૨૦૨૪ના રોજ બીજી પૂણ્યતીથી નિમિતે પંચોલી નવયુગને રૂા. ૧,૦૦૦/- ભેટ**

**અર્પણકર્તા**

ગં.સ્વ. રંજનબેન નગીનલાલ પંચોલી
રાજેશ્રીબેન -દિપકભાઇ નગીનલાલ પંચોલી
હિરલબેન-જયેશકુમાર હરીકિશનભાઇ પંચોલી
પ્રીતિબેન અંકિતકુમાર અશોકભાઇ ગજ્જર
વ્રજ-શ્રેયા-વેદાંશી-આરવ-રિધ્ધિ

## અભિનંદન



વડોદરા નિવાસી ભવ્ય ધનેશકુમાર પંચોલી-ધો.૩ ઓલ ઇન્ડિયા કલરીંગ હેન્ડરાઇટીંગ કોમ્પીટીશન-૨૦૨૩માં કલરીંગ કોમ્પીટીશનમાં સીલ્વર મેડલ અને સર્ટીફિકેટ તથા હેન્ડરાઇટીંગમાં ગોલ્ડમેડલ તથા સર્ટીફિકેટ મેળવ્યુ તે બદલ ખૂબ ખૂબ અભિનંદન....

વડોદરા સમાજ અને પંચોલી સમાજનું ગૌરવ વધારવા બદલ

## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ



શ્રી નવરાત્રી પંચોલી જ્ઞાતિ પંચ આયોજીત અને સ્વ. છગનલાલ ઘેલાભાઇ મિસ્ત્રીની સ્મૃતિમાં ગાયત્રી યજ્ઞ અને સામાન્ય સભા તથા સાંસ્કૃતિક કાર્યક્રમ તા. ૨૯.૧૦.૨૦૨૩ના રોજ ઘાંચી પંચની વાડીમાં રાખવામાં આવ્યું હતું. યજ્ઞમાં બે કપલ અને એક સીંગલ યજમાને ભાગ લીધો હતો. ગાયત્રી યજ્ઞની પૂર્ણાહુતી બાદ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

સૌ પ્રથમ મંત્રી શ્રીમતિ ઉર્વીબેન મિસ્ત્રીએ પધારેલ જ્ઞાતિજનોનું સ્વાગત કર્યુ. અને રાષ્ટ્રગીતને સન્માન આપી કાર્યક્રમને આગળ વધારવામાં આવ્યો. ચિ. વૃત્તિ શીતલભાઇ પંચોલીએ પ્રાર્થના રજુ કરી. પ્રમુખશ્રી દિપેશભાઇ પંચોલીએ સર્વેને આવકાર્યા અને સમાજના દરેક કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા. સમાજના હિતનાં સારા મંતવ્યો રજુ કર્યા. ખજાનચી સમીરભાઇ પંચોલી અને શાંતિલાલ મિસ્ત્રી દ્વારા વાર્ષિક હિસાબો રજુ કર્યા તે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા. કોલેજમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને રોકડ સહાય પેટે કુલ ૨૦ વિદ્યાર્થીઓને વિદ્યાર્થી દીઠ રૂા. ૨૫૦૦ અને સર્ટીફિકેટ આપવામાં આવ્યા.

વિધવા સહાય અને નિરાધાર સહાય વ્યકિત દીઠ રૂા. ૨૫૦૦ ચાર જ્ઞાતિજનને આપવામાં આવી. ચિ. મુદ્રા નિકુંજભાઇ મિસ્ત્રીએ યોગામાં ડિસ્ટ્રીક લેવલે બે ગોલ્ડ, એક સીલ્વર અને એક બ્રોન્ઝ મેડલ મેળવી સમાજનું ગૌરવ વધારવા બદલ ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું. શ્રી શાંતિલાલભાઇ મિસ્ત્રી દ્વારા ઘણા વર્ષોથી નિઃસ્વાર્થભાવે સેવા અને માર્ગદર્શન આપવા બદલ એમનું સ્મૃતિભેટ અને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું.

આજરોજ આરતી શણગાર - ગરબામાં બેસ્ટ એકશન અને બેસ્ટ ડ્રેસની હરીફાઇ રાખવામાં આવી હતી. જેના નિર્ણાયક તરીકે શ્રી નેહાબેન પટેલ(ડાન્સ ટીચર) અને શ્રી દ્દષ્ટિ પટેલ(ફેશન ડીઝાઇનર -પ્રોફેસર)ને આમંત્રિત કરવામાં આવ્યા હતાં. ગરબા હરિફાઇ હોવાથી સૌ સુંદર વસ્ત્રો પરિધાન કરી આવ્યા હતાં. નિર્ણાયકશ્રીએ વિજેતાઓના નામો જાહેર કર્યા હતાં.

૫ થી ૧૫ વર્ષ : બેસ્ટ ડ્રેસ-વિહિકા અને દુર્વા

બેસ્ટ એકશન : એલિના અને વિરાજ

૧૬ થી ૩૦ વર્ષ : બેસ્ટ ડ્રેસમાં મુદ્રા અને નેત્રા

બેસ્ટ એકશન : હિર અને ઉર્વી

૩૧ થી ૪૫ વર્ષ : બેસ્ટ ડ્રેસ હિરલ અને દિપીકા તથા ભાઇઓમાં દિપેશભાઇ પંચોલી અને જીગ્નેશભાઇ ભરતવાલા વિજેતા થયા હતાં.

૪૫ વર્ષથી ઉપરના માં ઉર્વશીબેન અને ભારતીબેન વિજેતા થયા હતા.

આરતી શણગારમાં પ્રથમ હીર પંચોલી અને દ્વિતીય અવની ભરતવાલા, તૃતીય હિરલ પંચોલી વિજેતા થયા હતા. દરેક વિજેતાઓને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.અંતમાં સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી છુટા પડયા.

આજરોજ મળેલ દાન

૧૦,૦૦૦ સ્વ. છગનભાઇ ઘેલાભાઇ મિસ્ત્રીના સ્મરણાર્થે હસ્તે નિલેશભાઇ આર. પંચોલી

૨૫૦૦ સ્વ. વાસંતીબેન અને સ્વ. સુરેશભાઇ મિસ્ત્રીની સ્મૃતિમાં હસ્તે ઝીનલ નિલેશ મિસ્ત્રી

૫૦૧ ભરતભાઇ સી. મિસ્ત્રી-ખડસુપા

૨૫૧ જયંતિભાઇ જી. પંચોલી

૨૫૧ પ્રતિમાબેન દિનેશભાઇ મિસ્ત્રી

૨૫૦ ગીરીશભાઇ ટી. પંચોલી

૨૦૧ નવિનભાઇ એમ. મિસ્ત્રી-ખડસુપા

૨૦૧ મહેશભાઇ જી. પંચોલી

૨૧૦ મંજુલાબેન પી. પંચોલી

૧૫૧ સ્વ. હરીશંકર યુ. મિસ્ત્રીના સ્મરણાર્થે હસ્તે નિલેશભાઇ શરદચંદ્ર મિસ્ત્રી

૧૦૧ ગં.સ્વ. વીણાબેન ભોગીલાલ મિસ્ત્રી

૧૦૦ શરદચંદ્ર બી. પંચોલી

## શ્રી પંચોલી સેવા સમાજ-અંકલેશ્વર

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર એકમનું સ્નેહમીલન સમારંભ તા. ૪.૦૨.૨૦૨૪ને રવિવારના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રવણ વિદ્યાધામ ખાતે યોજવામાં આવ્યું.

કાર્યક્રમનું સંચાલન હિરલબેન અખિલભાઇ મહેતાએ સંભાળ્યું. કાર્યક્રમની શરૂઆત શ્રીમતિ ભાવના મલય મિસ્ત્રી, શ્રીમતિ ગાયત્રી કૃણાલ પંચોલી અને શ્રીમતિ જાગૃતિબેન ગોપાલભાઇ પંચોલીથી કરવામાં આવી. સમાજના દિવંગત થયેલ જ્ઞાતિજનો અને વડોદરા ખાતે મૃત્યુ પામેલ બાળકોને મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી. સ્ટેજ પર અંકલેશ્વર એકમના પ્રમુખ શ્રી અખિલભાઇ મહેતા, મંત્રી શ્રી અજયભાઇ પંચોલી, મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ બિનીતાબેન તથા મંત્રી જાગૃતિબેન તથા સ્વયં અંકલેશ્વરના પ્રમુખ ધર્મેશભાઇ પંચોલીને બિરાજવા નિમંત્રણ અપાયું. પ્રમુખશ્રી અખિલભાઇએ સૌને આવકાર્યા ત્યારબાદ પ્રવાસ અંગેની ચર્ચા કરવામાં આવી ત્યારબાદ નવી કમિટીના સભ્યોને ઇલેક્ટ કરવામાં આવ્યા. મહામંડળના પ્રમુખશ્રી તરફથી આપવામાં આવેલ વસ્તી ગણત્રી ફોર્મ જેમ બને એમ જલ્દી ભરવા માટે વિનંતી કરવામાં આવી. બચત યોજનાની ગીફટ માટે ચર્ચા વિચારણા કરવામાં આવી.

ત્યારબાદ મહિલા મંડળ પ્રમુખ શ્રીમતિ બિનીતાબેને સૌ બહેનોને હમણા સાથ સહકાર આપો છો એવો આપતા રહેશો.. નવા સભ્યો બનાવવા માટે તેમજ મંડળમાં ફુલ હાજરી રહે એ માટે અનુરોધ કરવામાં આવ્યો..

સ્વયં અંકલેશ્વરના પ્રમુખ શ્રી ધર્મેશભાઇએ વર્ષ દરમ્યાન કરેલ કાર્યોની માહિતી આપી હતી.

ત્યારબાદ નાના બાળકોએ મનોરંજન કાર્યક્રમ રજુ કર્યો હતો. જેમાં જાનવી મલય મિસ્ત્રી, માનવ અખિલ મહેતા, વૈષ્નવી દિપેશ મિસ્ત્રી, જીત પ્રજેશ પંચોલી, રૂહી સંજય પંચોલી, ધ્યાન વિસ્મય મિસ્ત્રી, રીવાંશી મૌલીક મિસ્ત્રી, દર્શીવ મૌલિક મિસ્ત્રીએ વિવિધ કૃતિઓ રજુ કરી મનોરંજન કર્યુ હતું. દરેક બાળકોને ગીફટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. અંતમાં અજયભાઇ પંચોલીની આભારવિધિ બાદ રાષ્ટ્રગીતનું ગાન કરી કાર્યક્રમ સમાપ્ત થયેલ જાહેર કર્યો હતો. અંતમાં સ્વરૂચી ભોજનને ન્યાય આપી છુટા પડયા.

આજરોજ નીચે મુજબ ભેટ મળી હતી.

૨૦૦ પારસ મનુભાઇ મિસ્ત્રી<br>
૨૦૦ નિલેશભાઇ સોમાભાઇ મહેતા<br>
૨૦૦ નિતિનભાઇ મગનભાઇ પંચોલી<br>
૭૫૦ જયોત્સનાબેન બાબુભાઇ પંચોલી તરફથી બાબુભાઇની પાંચમી પૂણ્યતિથિ નિમિત્તે.<br>
૨૦૦ પરેશભાઇ મગનભાઇ પંચોલી<br>
૧૦૦ સંજયભાઇ અરૂણકુમાર પંચોલી<br>
૨૦૦ હિતેશભાઇ શાંતિલાલ મિસ્ત્રી<br>
૨૦૦ ગજેન્દ્રભાઇ અંબેલાલ પંચોલી<br>
૧૦૦ હેમલ શાંતિલાલ મિસ્ત્રી<br>
૧૦૦ અમૃતભાઇ હરીભાઇ મિસ્ત્રી<br>
૨૦૦ કનુભાઇ નરોત્તમદાસ પંચોલી<br>
૧૫૦ સોનલબેન મનોજકકુમાર પંચોલી<br>
૨૦૦ દિપેશભાઇ રાજેન્દ્રભાઇ મિસ્ત્રી<br>
૫૦૦ ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી<br>
૧૦૦ હેમેન્દ્રભાઇ કે. પંચોલી<br>
૨૦૦ રમણભાઇ એચ. પંચોલી<br>
૫૦૦ ચંદુભાઇ હરગોવિંદભાઇ પંચોલી<br>
૫૦૦ દિનેશભાઇ એમ. મિસ્ત્રી<br>
૨૦૦ ચેતનભાઇ રમણભાઇ પંચોલી

## શ્રી પંચોલી સમાજ-બીલીમોરા

બિલીમોરા પંચોલી સમાજની સામાન્ય સભા ૭ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ સોમનાથ સંકુલના રામીબેન આમલિયન હોલમાં મળી હતી. તેમાં સમાજના સૌ જ્ઞાતિજનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

સૌ પ્રથમ દીપ પ્રાગટ્ય માજી ટ્રસ્ટી શ્રી હસમુખભાઇ અને પ્રમુખ શ્રી કિશોરભાઇના હસ્તે કરવામાં આવ્યું. ત્યારબાદ ગણેશવંદના કરી સભાના કામકાજનો પ્રારંભ કરવામાં આવ્યો. શ્રીમતી શોભાબેને સભાનું સંચાલન સુચારૂ રૂપે કર્યું. સભામાં એજન્ડા મુજબ નવા બંધારણને સર્વાનુમતે અનુમોદન આપવામાં આવ્યું હતું. શ્રી. રશ્મીનભાઇ મહેતા તરફથી આવેલા સૂચનો

પર ચર્ચા વિચારણા કર્યા બાદ સર્વાનુમતે તેના પર અમલ કરવાની બાંહેધરી નવા નિમાયેલા કાર્યકરોએ આપી હતી.

કુ. વિની નિકુંજભાઈ પંચોલી, કુ. વેદાંશી ધવલભાઈ મિસ્ત્રી તથા કુ. હીર જીગરભાઈ પંચોલીએ સુંદર નૃત્ય દ્વારા સૌનું મન મોહી લીધું હતું. શ્રી. બિપીનભાઈ મિસ્ત્રીએ પોતાના મધુર અવાજમાં એક ફિલ્મી ગીત ગાયું હતું. શ્રીમતી શોભાબેને પોતાની એક અછાંદસ કૃતિ રજૂ કરી હતી. શ્રીમતી શોભાબેનના પ્રકાશિત થયેલા પુસ્તક પુષ્પાની શોભા માટે તેમનું શુભેચ્છા ભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. અંતે ગુજરાતીના લોકભોગ્ય ગરબાની રમઝટ બોલાવવામાં આવી હતી. અંતે સ્વાદિષ્ટ સમૂહભોજનનો આસ્વાદ માણી સૌ છૂટાં પડ્યાં હતાં.

નવા નિમાયેલા ટ્રસ્ટીઓ

૦૧) કિશોરભાઈ એન. મિસ્ત્રી.
૦૨) ધવલભાઈ બિ. મિસ્ત્રી
૦૩) નિકુંજભાઈ બી. પંચોલી
૦૪) બીનાબેન બી. પંચોલી
૦૫) ટિવન્કલ જિ. પંચોલી
૦૬) નિશાબેન હે. પંચોલી.

આજની સભામાં નીચે મુજબની ભેટ આવી હતી.

₹ ૨૫૧/-શોભાબેન કિશોરભાઈ મિસ્ત્રી તરફથી ભત્રીજા સ્વ. જીગરભાઈ જયંતકુમાર મિસ્ત્રીના સ્મરણાર્થે

₹ ૨૫૦/- ભીખુભાઈ રતિલાલ પંચોલી તરફથી જમણવાર ખાતે

₹ ૨૦૦/- પંકજભાઈ શશીકાંત પંચોલી તરફથી જમણવાર ખાતે.

₹ ૫૦૧/- હેમંતભાઈ ઝ. પંચોલી તરફથી પુત્ર જયના લગ્ન પ્રસંગે.

₹ ૧૦૦૦/- સ્વ. દિપકભાઈ જ્યોતિષ ભાસ્કરના સ્મરણાર્થે.

₹ ૧૫૧/- વૈશાલીબેન ભરતભાઈ પંચોલી તરફથી.

₹ ૧૦૦/- બિપીનચંદ્ર ગો. મિસ્ત્રી તરફથી પુત્ર ધવલના જન્મદિવસ નિમિત્તે.

₹ ૨૦૦/- જયશ્રીબેન બિ. મિસ્ત્રી તરફથી.

₹ ૧૦૦/- હસમુખભાઈ આર. પંચોલી તરફથી.

₹ ૨૦૦/- નરેન્દ્રભાઈ આર. પંચોલી તરફથી.

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ– વડોદરા

તેજસ્વીની મહિલા મંડળ વડોદરાની નવેમ્બર -૨૦૨૩ની કારોબારી સભ્યોની મિટિંગ નવિન નિયુક્ત થયેલા પ્રમુખ શ્રીમતિ જયોત્સનાબેન એમ. પંચોલીના નિવાસ સ્થાને તા. ૨.૧૧.૨૦૨૩ને ગુરૂવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે રાખવામાં આવી. જયોત્સનાબેને તમામ બહેનુંનું સ્વાગત કરી, કેરીના બાફલાનું જયુસ પીવડાવી અભિવાદન કરવામાં આવ્યું.

પ્રાર્થના તથા દત્તબાવનીનો પાઠ સમૂહમાં કરી મિટિંગની શરૂઆત કરવામાં આવી. સમાજમાં દિવંગત પામેલ આત્માઓની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી.

સર્વે બહેનોએ ગુલાબના ફુલ આપી નવીન પ્રમુખ જયોત્સના બેનને મંડળની પ્રગતિ માટે શુભેચ્છાઓ પાઠવી. નવિન સભ્યો વધુ ને વધુ જોડાય તે માટે બધી બહેનોએ સાથ સહકાર આપી તેજસ્વીની મહિલા મંડળ વધુ પ્રગતિના પંથે આગળ ધપે એવો સંકલ્પ કરવામાં આવ્યો.

નવેમ્બર માસમાં આપેલ પ્રોજેક્ટ અનુસાર દિવાળીના તહેવારને અનુલક્ષી દિવડા ડેકોરેશનમાં બહેનો ઘરેથી દિવડાઓ શણગારી જયોત્સનાબેનના ઘરે વિવિધ ડેકોરેશન કરી ગોઠવણી કરી. ફુલોની રંગોળી ઓનલાઇન ઘરેથી કરી તેના ફોટા પાડી મુકયા.

સંગીત ખુરશીની રમત રમાડી. જયોત્સનાબેને એક મિનિટની ગેમ રમાડી. દિવડા ડેકોરેશન, ફુલોની રંગોળી તથા વન મિનિટ ગેમના નિર્ણાયક તરીકે જયોત્સનાબેને સેવા બજાવી.

દિવડા ડેકોરેશનના વિજેતા પ્રથમ : આનંદીબેન, દ્વિતીય પ્રજ્ઞાબેન અને તૃતીય જયોતિબેન ડે. અને પ્રીતિબેન મપારા તથા રંગોળીના વિજેતા પ્રથમ શીલાબેન,

દ્વિતીય નીતાબેન અને તૃતીય ભુરીબેન અને લીનાબેન થયા હતા. વિજેતા બહેનોને જ્યોત્સનાબેને ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા. જ્યોત્સનાબેને દરેક બહેનોને સ્ટીલના ચમચી મુકવાના સ્ટેન્ડ રીટર્ન ગીફ્ટમાં આપ્યા. તથા પ્રમુખ થયાની ખુશાલીમાં સૌ બહેનોને પર્ક ચોકલેટથી મો મીઠુ કરાવ્યું. સુંદર ગીફ્ટ બદલ સૌ બહેનોએ આભાર વ્યકત કર્યો. અંતમાં હાઉસી રમ્યા. જ્યોત્સનાબેન તરફથી ચટાકેદાર ભોજન કરાવવામાં આવ્યું. સુંદર ભોજન, મિટિંગનું સુંદર આયોજન કરવા બદલ જ્યોત્સનાબેન, સતિષભાઇ તથા પુત્રવધુ નિધિનો સૌ બહેનો વતી આનંદીબેને આભાર વ્યકત કર્યો.

આગામી મિટિંગ આનંદીબેનના નિવાસ સ્થાને રાખવામાં આવી. આજ રોજ નીચે મુજબ દાન મળ્યું.

૨૫૧/- વડોદરા નિવાસી લીનાબેન તથા ભરતભાઇ અંબાલાલના સુપુત્ર તનયના લગ્ન નિમિત્તે.

૧૦૧ શ્રીમતિ જ્યોતિબેન સુભાષભાઇ પંચોલીની બર્થડે નિમિત્તે..

દિવાળીની શુભેચ્છાઓ પાઠવી સૌ છુટા પડયા.

તેજસ્વીની મહિલા મંડળની ડિસેમ્બરમાસની મિટિંગ તા. ૧૯.૧૨.૨૦૨૪ને મંગળવારના રોજ શ્રીમતિ આનંદીબેન એન. પંચોલીના નિવાસસ્થાને બપોરે ૩.૦૦ કલાકે મળી હતી. આનંદીબેને સૌ બહેનોને આવકારી ટામેટાના સુપથી સ્વાગત કર્યુ. મિટિંગની શુભ શરૂઆત ગણપતિ વંદના તથા રામચંદ્રની સ્તુતિ બોલી કરવામાં આવી. સમાજમાં દિવંગત પામેલ આત્માઓની શાંતિ માટે બે મિનિટ મૌન પાળવામાં આવ્યું. ડિસેમ્બર માસમાં આપવામાં આવેલ પ્રોજેકટ અનુસાર કેક સ્પર્ધા ઓનલાઇન યોજવામાં આવી. તેમજ શિયાળાની ઋતુને અનુરૂપ એકસ્ટ્રા પ્રોજેકટ તરીકે શીયાળુપાકની કોમ્પીટીશન રાખવામાં આવી હતી. બધી બહેનોએ કેક બનાવી ઓનલાઇન ફોટા રજુ કર્યા હતા. જેમાં પ્રથમ વિજેતા સપનાબેન અને દ્વિતીય જ્યોત્સનાબેન અને તૃતીય નીમાબેન અને પ્રિતીબેન મપારા વિજેતા થયા હતા. વસાણા કોમ્પીટીશનમાં પ્રથમ લીનાબેન, દ્વિતીય શીલાબેન અને તૃતીય હર્ષાબેન અને જ્યોતિબેન થયા હતા. એક મિનિટની ગેમ પણ રમ્યા. જેમાં ૨૦૨૩ જાનેવાલા કલ કો સલામ, ૨૦૨૪ આનેવાલે કલ કો સલામ આ થીમ પર રમુજી ગેમ રમાડવામાં આવી. ઉપરોકત કોમ્પીટીશનના વિજેતા બહેનોનેઇનામો આપી નવાજયા. ગેમના પ્રથમ વિજેતા નિકુંજબેન, દ્વિતીય ભુરીબેન અને તુતીય પ્રજ્ઞાબેન અને નીતાબેન વિજેતા થયા હતા. હાઉસીની રમત રમાડવામાં આવી. વસાણા અને કેક કોમ્પીટીશનમાં નિર્ણાયક તરીકે રોમાબેન બક્ષીએ સેવા બજાવી હતી. આનંદીબેન તરફથી સુંદર અને સ્વાદિષ્ટ ભોજન કરાવવામાં આવ્યું. સ્વાદિષ્ટ ભોજન અને સુંદર મિટિંગ આયોજન બદલ લીનાબેને સૌ બહેનો વતી આનંદીબેન, કાજલ તેમજ પરિવારજનોનો આભાર વ્યકત કર્યો. આનંદીબેન તરફથી સુંદર બટવાની ભેટ બહેનોને આપવામાં આવી. આગામી મિટિંગ લીનાબેન બી. પંચોલીને ત્યાં રાખવાનું નકકી કરી છુટા પડયા.

## પંચોલી મહિલા મંડળ - અંકલેશ્વર

પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરની મિટિંગ તા. ૨૯.૧૧.૨૦૨૩ના રોજ જાગૃતિબેન સંજયભાઇ પંચોલી-જી.આઇ.ડી.સી. મુકામે કરવામાં આવી. સમૂહમાં પ્રાર્થના કરવામાં આવી. જાગૃતિબેને ગત મિટિંગનો અહેવાલ વાંચ્યો. આ માસમાં આવતી એનીવર્સરી અને બર્થડેની શુભેચ્છાઓ પાઠવી બર્થડે ગીફ્ટ આપવામાં આવી. તા. ૨૫ના રોજ પ્રોજેકટ અનુસાર ઓનલાઇન ફુલ અને દીવાની રંગોળી અને ઘરસજાવટના ફોટો ઓનલાઇન મુકવામાં આવ્યા. પ્રોજેકટ અનુસાર સંગીત ખુરશી રમ્યા જેના વિજેતા ખુશ્બુબેન વિસ્મયભાઇ મિસ્ત્રી અને દ્વિતીય હેતલ નિમેષભાઇ થયા. વિજેતા બહેનોને ઇનામો મહિલા મંડળ તરફથી આપવામાં આવ્યા. એકસ્ટ્રા પ્રોજેકટ તરીકે દિવાળી નિમિત્તે રંગોળીની હરિફાઇ રાખવામાં આવી હતી. ભાગ લેનારને અડધા કલાકની સમય મર્યાદા આપવામાં આવી હતી. કુલ ૬ બહેનોએ ભાગ લીધો હતો. રંગોળીના નિર્ણાયક તરીકે દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી અને નીતાબેન રાજેશભાઇ પંચોલીએ સેવા આપી હતી. જેમાં પ્રથમ નીપાબેન મૌલિકભાઇ અને દ્વિતીય બિનીતાબેન હેમેન્દ્રભાઇ, તુતીય સોનલબેન મનોજભાઇ વિજેતા થયા. વિજેતા બહેનોને ઇનામો દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી તરફથી

આપવામાં આવ્યા હતા. અને ભાગ લેનાર બહેનોને આશ્વાસન ઈનામ મહિલા મંડળ તરફથી આપવામાં આવ્યા હતા. પ્રમુખ બિનીતાબેને નિર્ણાકશ્રીઓનો આભાર માની સ્વાગત કર્યુ હતું. ડિસેમ્બરમાં પ્રોજેક્ટ અનુસાર આનંદ મેળો અને ઘરેથી કેક બનાવી લાવવાનું નકકી કરવામાં આવ્યું. આગામી મિટિંગ સોનલબેન મનોજભાઇ ને ત્યાં રાખવાનું નકકી કરવામાં આવ્યું. અલ્પાહાર અને શરબતને ન્યાય આપ્યો. જાગૃતિબેન તરફથી મિટિંગનું સુદર આયોજન કરવા બદલ તથા અલ્પાહાર કરાવવા બદલ આભાર વ્યકત કર્યો.

તા. ૨૭.૧૨.૨૦૨૩ના રોજ સોનલબેન મનોજભાઇને ત્યાં મિટિંગ કરવામાં આવી. નાતાલને અનુરૂપ બધી બહેનો વેસ્ટર્ન ડ્રેસ પરીધાન કરી આવી હતી. મિટિંગની શરૂઆત સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી. પ્રોજેક્ટ અનુસાર એમના નિવાસ સ્થાને ટેરેશ પર આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. બધી બહેનોને અલગ અલગ સ્ટોલ શણગારીને આપવામાં આવ્યા હતા. અને આનંદમેળા જેવો માહોલ ઉભો કર્યો હતો. ૪.૦૦ કલાકે આનંદ મેળો શરૂ કર્યો હતો. બધી બહેનો અલગ અલગ વાનગી બનાવી લાવી હતી. આ મેળામાં વેચાણ કરતા આવેલ રકમ બધી બહેનોએ મહિલા મંડળમાં ભેટ આપી હતી. સુંદર આયોજન કરવા બદલ મંત્રી જાગૃતિબેન ગોપાલભાઈએ સોનલબેનનો આભાર માન્યો. આ માસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વીશ કરી ગીફ્ટ આપી શુભેચ્છાઓ પાઠવી. ડિસેમ્બરમાસમાં વર્ષ પુરૂ થતુ હોય સરપ્રાઇઝ ગીફ્ટ આપવામાં આવી હતી. જેમાં વર્ષ દરમ્યાન વધુમાં વધુ હાજરી આપનાર પ્રથમ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી, દ્વિતીય નીતાબેન રાજેશભાઇ પંચોલી, સોનલબેન મનોજભાઇ અને મીરાબેન મહેશભાઈને મંડળ તરફથી ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા. નવા વર્ષની ફી લેવામાં આવી. પ્રોજેક્ટ અનુસાર બહેનો સુંદર કેક ડેકોરેશન કરી લાવી હતી. તેમને મહિલા મંડળ તરફથી ગીફ્ટ આપવામાં આવી. આગામી મિટિંગ બિનીતાબેન હેમેન્દ્રભાઈને ત્યાં રાખવાનું નકકી કરવામાં આવ્યું. અંતમાં કોલ્ડ્રીંકસને ન્યાય આપી છુટા પડયા.

એક્સ્ટ્રા પ્રોજેક્ટ : તા. ૧૨.૧.૨૦૨૪ના રોજ શૈશવ સ્કૂલ-મંદબુધ્ધિના બાળકોની સ્કૂલમાં મહિલા મંડળની બહેનો ભેગી થઇ. બાળકો સાથે સમૂહમાં પ્રાર્થના કરી. મકરસંક્રાંતી નિમિત્તે પતંગ, ફીરકી, દોરા, ચીકી, પીપુડી, બોર, વેફર, બિસ્કીટ, ચોકલેટ અને ખમણનો નાસ્તો આપવામાં આવ્યો હતો. ત્યારબાદ જાગૃતિબેને બાળકોને યોગાસન અને ડાન્સ કરાવ્યા હતા.

એક્સ્ટ્ર પ્રોજેક્ટ : તા. ૨૨. ૧.૨૦૨૪ના રોજ અયોધ્યામાં રામલલ્લાના આગમન નિમિત્તે બહેનોએ પોતાના ઘરમંદિરમાં મંદિર શણગારી પૂજા આરતી કરી ફુલોની રંગોળી કરી અને સાંજે માનનીય નરેન્દ્રભાઈની આજ્ઞાથી દરેક ઘરે દિવડાઓ પ્રગટાવી દિવાળી જેવા વાતાવરણ કરી ઓનલાઇન ફોટા મુકયા.

તા. ૨,.૧.૨૦૨૪ના રોજ મહિલા મંડળની મિટિંગ પ્રમુખ બિનીતાબેન હેમેન્દ્રભાઈને ત્યાં રાખવામાં આવી. ૨૬ જાન્યુઆરી નિમિત્તે ત્રીરંગી ઓઢણી અને વાઇટ ડ્રેસ કોડ રાખવામાં આવ્યો હતો. સમૂહમાં રામજીની સ્તુતિ કરી પૂજા આરતી કરી મિર્ટીગની શરૂઆત કરી હતી. નાની બાળાઓએ ડાન્સ કર્યા હતા. વડોદરામાં હરણી તળાવમાં મૃત્યુ પામનાર બાળકોને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

જાગૃતિબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. આ માસમાં આવતી એનીવર્સરી અને બર્થડે વીશ કરવામાં આવી. પ્રમુખ બિનીતાબેનની બર્થડે હોવાથી બધી બહેનોએ બર્થડે ગીત ગાઇ શુભેચ્છાઓ પાઠવી.

પોતાના રીતે હેલ્થ માટે પ્રોજેક્ટ કરવાનો હતો તેમાં 'પ્લાસ્ટીક નો યુઝ' થીમ પર કરવામાં આવ્યો પ્લાસ્ટીકની કોથળી જયાં ત્યાં ન નાંખતા બોટલમાં પ્લાસ્ટીક કોથળી ભરી ડસ્ટબીનમાં નાખવી. પશુઓ તથા પર્યાવરણના હેતુને લક્ષમાં રાખી આ પ્રોજેક્ટ કરવામાં આવ્યો. બધી બહેનો પ્લાસ્ટીકની કોથળી ઘરેથી બોટલમાં ભરીને લાવી હતી. કોથળીમાંથી અનેક વસ્તુઓ વેસ્ટમાંથી બેસ્ટ બને એ હેતુથી દક્ષાબેન સુંદર પ્લાસ્ટીકની કોથળીમાંથી ચટાઇ બનાવી લાવ્યા હતા. બિનીતાબેને હાઉસી ગેમ રમાડી જેના વિજેતા જાગૃતિબેન ગોપાલભાઇ , સ્નેહા પારસભાઇ,

મીનાબેન છગનભાઇ વિજેતા થયા તેમને મહિલા મંડળ તરફથી ગીફટ આપવામાં આવી. ૨૬ જાન્યુવારી નિમિત્તે રાષ્ટ્રગીત ગાઇને માન આપવામાં આવ્યું. અંતમાં અલ્પાહાર અને કોફીને ન્યાય આપી ફેબ્રુઆરી માસમાં વેલેન્ઠાલન ડે નિમિત્તે હોટલમાં પાર્ટી કરવાનું નકકી કરી છુટા પડયા.

## શકિત મહિલા મંડળ – ગણદેવી

શકિત મહિલા મંડળની બહેનોએ જુલાઇ માસની મિટિંગ વૈશાલીબેનના નિવાાસ સ્થાને રાખવામાં આવી. જેમાં પ્રોજેકટ અનુસાર જયા પાર્વતી વ્રત, અલુણા નિમિત્તે નાની દિકરીઓએ સત્રને પૂજા આરતીની થાળી શણગારી ગૌરમાની પૂજા કરી હતી.

ગુરૂપૂર્ણિમા નિમિત્તે બહેનોએ પોતાના ઘરે ગુરૂદેવનું પૂજન કર્યુ. ઓ સૌ બહેનોએ ભેગા થઇ ગણદેવી ખાતે આવેલ ડી. આઇ. ડે. કન્યા વિદ્યાલય જઇને શાળાના આચાર્ય અને શિક્ષિકા બહેનોનું પુષ્પ ગુચ્છ આપી સન્માન કર્યુ. વૈશાલીબેને ગૂરૂપૂર્ણિમાનું મહાત્મ્ય જણાવ્યું.

તા. ૧૫.૮.૨૦૨૩ના રોજ ૧૫ ઓગસ્ટ નિમિત્તે ેાૈ બહેનો અને બાળકો ભેગા મળી દેશભકિતના ગીતો ગાયા, એકબીજાને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધી ફ્રેન્ડશીપ ડેની ઉજવણી કરી. અંતમાં રાષ્ટ્રગીત થાઇને અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૬.૮.૨૦૨૩ના રોજ અધિક શ્રાવણમાસની અમાસે બધી બહેનો ગાયત્રી મંદિરમાં સમુહ યજ્ઞ કર્યો અને યજ્ઞમાં ૧૦૮ વખત ગાયત્રીમંત્ર બોલી આહુતીઓ આપી. સમૂહમાં પૂજા અર્ચન કરવાનો લ્હાવો લીધો. યજ્ઞમાં બેસનાર સૌ ભકતોને મંડળ તરફથી સેવ-ખમણીનો નાસ્તો કરાવ્યો.

એકસ્ટ્ર પ્રોજેકટ : ફ્રેન્ડશીપ ડેની ઉજવણી અને ગાયત્રી મંદિરમાં સમૂહ પૂજા.

તા. ૭.૯.૨૦૨૩ના રોજ જન્માષ્ટમી ના દિવસે હેમલતાબેનને ત્યાં જન્માષ્ટમીની ઉજવણી કરી. નંદબાબા-કાનુડો અને રાધા કૃષ્ણના પાત્રો સાથે કનૈયાના ભજનો ગાઇને શ્રી કળષ્ણ જન્મોત્સવ ઉજવ્યો કાનુડાને લાડુ, ફળ, દૂધ, માખણ વિગેરેનો ભોગ ધરાવી અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા.

તા. ૧૪.૯.૨૦૨૩ના રોજ શ્રાવણ અમાસના દિવસે ઓગષ્ટ માસમાં આપેલ પ્રોજેકટ અનુસાર ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. સૌ બહેનો ભેગા મળી ગડત મુકામે આવેલ કામેશ્વર મહાદેવના મંદિરે જઇ પ્રજા-અર્ચના કર્યા ત્યાંથી નવગ્રહ દેવના મંદિરે દર્શન કર્યા. ભકિતમય વાતાવરણમાં સૌ છુટા પડયા.

તા. ૨,.૯.૨૦૨૩ના રોજ આંતર રાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણી પોતાની દિકરી સાથે ફોટા પડાવી ઓનલાઇન રજુ કર્યા.

ગણેશ ચતુર્થીમાં જીજ્ઞાશાબેનને ત્યાં ગણેશત્રની પૂજા કરી લાડુ ધરાવ્યા. ગણેશજીના ભજનો ગાઇ આરતી ઉતારી ગણેશ વિસર્જનમાં ભાગ લઇ ઉત્સવની ઉજવણી કરી.

એકસ્ટ્રા પ્રોજેકટ : આંતરરાષ્ટ્રીય દિકરી દિવસની ઉજવણી.

તા. ૧૪.૧૦.૨૦૨૩ને અમાસના દિવસે શ્રાધ્ધપક્ષ નિમિત્તે સૌ બહેનો જીજ્ઞાશાબેનના ઘરે ભેગા થઇને વડીલોનું પૂજન કરી ભજન અને શાંતિપાઠ કર્યો. તેમજ સમાજના વડીલોનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યું. બહેનોએ પોતાના દિવંગત વડીલો સાથેના સંસ્મરણો યાદ કર્યા. અને તેમને ભાવભીની શ્રધ્ધાંજલી આપી.(સપ્ટેમ્બર માસનો પ્રોજેકટ)

તા. ૨૨.૧૦ ૨૦૨૩ના રોજ દુર્ગાષ્ટમીના દિવસે જીજ્ઞાસાબેનના નિવાસ સ્થાને ગરબાનું આયોજન કરવામાં આવ્યું. બાળકો વેલ ડ્રેસમાં અને બહેનો બાંધણી પહેરીને આવ્યા હતા. માતાજીની આરતી ઉતારી ગરબાની રમઝટ બોલાવી હતી. વડીલોએ ગરબા ગવડાવ્યા અને અને સૌએ માથા પર માટલી લઇ ગરબે ઘૂમ્યા હતા. બહેનોએ પોતાની શૈરીમાં શૈરી ગરબામાં ભાગ લીધો. અંતમાં ફરાળી ચેવડો અને દૂધને ન્યાય આપી સૌ હરખભેર છુટા પડયા.

તા. ૧૨.૧૧.૨૦૨૩ને દિવાળીના દિવસે બહેનોએ દિવાળી નિમિત્તે ઘરમાં ફુલોની સજાવટ કરી રંગબેરંગી દિવડાઓથી ઘર સજાવ્યું રોશની કરી. અને ફુલો અને

રંગોથી રંગોળી સજાવી ઓનલાઇન ફોટા મુકયા. અને બહેનોએ એકબીજાને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી.

તા. ૧૭.૧૨.૨૦૨૩ના રોજ વૈશાલીબેનના ઘરે સૌ બહેનોએ નવેમ્બર માસના પ્રોજેક્ટ અનુસાર સમુહમાં સંગીત ખુરશીની રમત રમ્યા, બાળકોએ પણ ભાગ લીધો. વર્ષના અંતે સૌ બહેનોને ગીફ્ટ આપવામાં આવી. જીગીષાબેનને એનીવર્સરી નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી. મહિલા સંગઠન તરફથી શકિત મહિલા મંડળને મળેલ સેકન્ડ પ્રાઇઝ તેમજ ગીતાબેન જયેશભાઇ ગાંધી તરફથી મળેલ પ્રાઇઝ માટે સૌ બહેનોએ મહિલા સંગઠન અધ્યક્ષા શ્રીમતી ગીતાબેનનો આભાર માન્યો...


# એકવાર જાવુ હરિના ધામમાં




સુરત નિવાસી નૈનેશભાઇ કિશોરભાઇ પંચોલી તા. ૨૯.૧૧. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા ઉ.વ. ૪૧



સુરત નિવાસી ચંદ્રાવતીબેન મોહનલાલ મિસ્ત્રી તા. ૩૦.૧૧. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા



વડોદરા નિવાસી ભાઇલાલભાઇ છીતાલાલભાઇ પંચોલી તા. ૧.૧૨. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.



રાજપીપલા નિવાસી મિલનભાઇ હરેશભાઇ પંચોલી તા. ૧૨.૧૨. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા



મુંબઇ-ખેતવાડી નિવાસી જીગર ૨૦.૧૨.૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા ઉ.વ. ૨૯



બીલીમોરા નિવાસી કલાબેન ચંદ્રકાંતભાઇ મિસ્ત્રી તા. ૨૪.૧૨. ૨૦૨૩ના રોજ હરિના ધામમાં ગયા.



વડોદરા નિવાસી સવિતાબેન ચેતનભાઇ પંચોલી તા. ૨.૧.૨૦૨૪ રોજ હરિના ધામમાં ગયા.



મુંબઇ મીરારોડ નિવાસી ગં.સ્વ. પ્રવિણાબેન મોહનલાલ કાપડિયા તા. ૨૮.૦૧.૨૦૨૪ના રોજ હરીના ધામમાં ગયા.

સુરત(મુળ રાજપીપલા) નિવાસી હિતેશભાઇ હીરાલાલ પંચોલીની સુપુત્રી હેલી તા. ૨૬.૦૧.૨૦૨૪ના રોજ હરિના ધામમાં ગયા.

## ॥ કુર્યાત સદા મંગલમ્ ॥



સુરત નિવાસી શ્રીમતિ મેઘનાબેન તથા શ્રી ચેતનભાઇ રાજેન્દ્રભાઇ મિસ્ત્રીની સુપુત્રી ચિ. નંદિનીના શુભ લગ્ન સુરત નિવાસી શ્રીમતિ દત્તાબેન અને શ્રી મનિષભાઇ ગાધીના સુપુત્ર ચિ. અભિષેક સાથે તા. ૨૭.૦૧.૨૦૨૪ના રોજ થયા...

### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનો નવો એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ' ના નામે બેંક ઓફ બરોડા-વ્યારા શાખા,

**A/c. No. : 02690100010065,**
**IFSC Code : BARB0YYARAX**
(પાંચમો અંક ઝીરો છે)

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમને જાણ કરો..

મહામંત્રી : જયેશભાઇ સી. પંચોલી-રાજપીપલા

## દિપોત્સવી અંક - ક્ષતિદોષ

**મહિલા મંડળ પ્રમુખ-મંત્રી એડ્રેસ**

પ્રગતિ મહિલા મંડળ - વ્યારા મંત્રી
ભાવનાબેન ભવનીશભાઇ પંચોલી-સ્નેહકુંજ સો. વ્યારા.

તેજસ્વીની મહિલા મંડળ - વડોદરા પ્રમુખ
જ્યોત્સનાબેન એસ. પંચોલી

વડોદરા નિવાસી શ્રીમતિ જ્યોત્સનાબેન અને સતીષભાઇ એન. પંચોલી ના સુપુત્રની સાદી ડોટ કોમમાં ભુલથી જાહેરાત છપાઇ છે.....શ્રી હર્ષના લગ્ન થઇ ગયા છે.....પેજ નં. ૨૦૦

વડોદરા નિવાસી રમેશભાઇ એન પંચોલીની અંકમાં પેજ નં. ૭૫ પર શ્રી દિપ્લેશભાઇ આર. પંચોલી અને શ્રીમતિ સંગીતાબેન ડી. પંચોલી નામ રહી ગયા હતા.

### શ્રી પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ** A/C **પંચોલી નવયુગ** ના નામે બેંક ઓફ બરોડા-અંકલેશ્વર ના સેવિંગ્સ ખાતા ન

**02210100057495, IFSC : BARB0ANKLES**

માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો.

તંત્રી : દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

(**IFSC CODE** માં પાંચમો ડીજીટ ઝીરો છે..)

**Book-Post**
**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**